આજનું પંચાંગ

૨-૮-૨૦૨૪, શુક્રવાર

તિથિ: અષાઢ વદ ૧૩, શિવરાત્રી, સૂર્યનો આશ્લેષા નક્ષત્ર પ્રવેશ ૨૨.૦૬. **નક્ષત્ર:** આર્દ્રા. ૧૫.૨૯. **રાશિ:** મિથુન. ૨૯.૪૩. **ચોઘડિયાં: દિવસના:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ. **રાત્રિનાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ.

આપની આજ

મેષ(અ.લ.ઈ.): સંબંધો મજબૂત બનશે.
વૃષભ(બ.વ.ઉ): નવા કાર્યો શીખવામાં સફળતા મળશે.
મિથુન(ક.છ.ઘ): ધાર્મિક કાર્યો પ્રત્યે રસ વધશે.
કર્ક(ડ.હ.): વ્યવસાયમાં મહેનત રંગ લાવશે
સિંહ(મ.ટ.): આર્થિક સ્થિતિમાં સુધારો થશે.
કન્યા(પ.ઠ.ણ.): ભાગદોડમાં શાંતિથી કામ પુર્ણ કરો.
તુલા(ર.ત.): નવા સારા મિત્રો મળી શકે.
વૃશ્ચિક(ન.ય): ધનલાભના યોગ છે.
ધન(ભ.ધ.ફ.): રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે.
મકર(ખ.જ.): વ્યવસાયમાં સાવધાની જાળવવી.
કુંભ(ગ.શ.સ.): પારિવારિક વાતાવરણ પોઝિટિવ રહે.
મીન(દ.ચ.ઝ.થ.): અભ્યાસ ઉપર ધ્યાન આપવું.

અમૃતધારા

પીળાં પીતાંબર પહેર્યાં પાતળે
કાને કુંડળ ઝળકે છે
ગળે ગુંજની માળા બિરાજે
નથનું મોતી લટકે છે.

■ **ગજેન્દ્ર મોક્ષ**

સત્સંગ

નિદ્રા આવે ત્યાં સુધી જે સત્કર્મ કરે છે, તેની નિદ્રા સમાધિ બની જાય છે.

■ **પૂ. ડોંગરેજી મહારાજ**

મહેફિલ

તમારા પગ મહીં જ્યારે પડ્યો છું,
હું સમજ્યો એમ-આકાશે ચડ્યો છું.

■ **શયદા**

ઈર્શાદ

ઈક રાત તેરે ઘર કે મહેમાન બને લેકિન
છત પર ન સુલા દેના હમ નિંદમેં ચલતે હૈ

■ **અખ્તર મકસૂદ**

એક રાત તારા ઘરનો મહેમાન બનું પરંતુ મને અગાસીમાં ન સુવાડતી કારણ કે, મને ઊંઘમાં ચાલવાની ટેવ છે.

આજની તારીખે

- બે વખત ગુજરાતનાં મુખ્યમંત્રી રહેલ ભાજપના આગેવાન વિજયભાઈ રૂપાણીનો બર્મા (મ્યાનમાર)ના રંગુન શહેરમાં જન્મ (૧૯૫૬)
  તે ૧૯૮૭માં રાજકોટ મહાનગરપાલિકામાં સભ્ય તરીકે ચુંટાયા અને પછી એમણે ૧૯૯૬ થી ૧૯૯૭સુધી રાજકોટ મહાનગરનાં મેયર તરીકે કાર્ય કર્યું
  વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૨ સુધી તેમની પસંદગી રાજ્યસભાના સાંસદ તરીકે થઈ હતી
  વિજય રૂપાણી ચારવાર ભાજપનાં અધ્યક્ષ રહ્યા અને ૨૦૧૪માં તેઓ રાજકોટ-૬૯ વિધાનસભા મતક્ષેત્રમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં
  વિજયભાઈ રૂપાણીએ પ્રથમ ૦૭ ઓગસ્ટ, ૨૦૧૬નાં રોજ અને ફરી તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં હતાં
- સ્વાતંત્ર્ય સેનાની, ભાષાવિજ્ઞાની, ભૂસ્તરશાસ્ત્રી, લેખક અને ભારતીય રાષ્ટ્રધ્વજ પર આધારિત ધ્વજનાં ડિઝાઈનર પિંગલી વેંકૈયાનો જન્મ (૧૮૭૬)
  વેંકૈયા ૧૯ વર્ષની ઉંમરે બ્રિટિશ આર્મી સાથે જોડાયા અને આફ્રિકામાં એંગ્લો-બોઅર જંગમાં ભાગ લીધો હતો
- ટેલીફોનની શોધ દ્વારા સમગ્ર વિશ્વને એક તાંતણે સાંકળનારા વિજ્ઞાની, એન્જિનિયર અને સંશોધક એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલનું અવસાન (૧૯૨૨)
  નેશનલ જિયોગ્રાફિક સોસાયટીનાં સ્થાપક સભ્યોમાંના એક બેલે ૧૮૭૫માં ટેલીફોનની શોધ કરી અને ૧૮૮૧માં મેટલ ડિટેક્ટરની શોધ કરી હતી
- ભારતીય આધ્યાત્મિક આગેવાન તથા શાકાહાર અને પશુ અધિકારોને પ્રોત્સાહન આપનાર દાદા વાસવાણીનો પાકિસ્તાનમાં જન્મ (૧૯૧૮)
- પદ્મ ભૂષણથી સન્માનિત ભારતીય ઉદ્યોગપતિ ગંગા પ્રસાદ બિરલાનો વારાણસી ખાતે જન્મ (૧૯૨૨)
- પદ્મશ્રીથી સન્માનિત લેખક અને હિન્દી ભાષામાં વ્યંગકાર જ્ઞાન ચતુર્વેદીનો ઉત્તરપ્રદેશ રાજ્યમાં જન્મ (૧૯૫૨)
- જૂનાગઢના છેલ્લા શાસક નવાબ સર મુહમ્મદ મહાબત ખાનજી ૩જા રસુલ ખાનજીનો જૂનાગઢ ખાતે જન્મ (૧૯૦૦)
- પાકિસ્તાન આર્મીના ચીફ ઓફ સ્ટાફ રહેલ જનરલ મિર્ઝા અસલમ બેગનો ભારતમાં આઝમગઢ ખાતે જન્મ (૧૯૩૧)
- બોલીવુડ ફિલ્મ નિર્માતા અને નિર્માતાઓના ગીલ્ડ-સંઘના પ્રમુખ સિદ્ધાર્થ રોય કપૂરનો મુંબઈમાં જન્મ (૧૯૭૪)
  તેમના લગ્ન અભિનેત્રી વિદ્યા બાલન સાથે ૨૦૧૨માં થયા છે
- બોલીવુડ ફિલ્મ નિર્માતા સુનિલ બોહરાનો જોધપુરમાં જન્મ (૧૯૭૨)
- હિન્દી ફિલ્મ અભિનેત્રી યુવીકા ચૌધરીનો ઉત્તરપ્રદેશ રાજ્યમાં જન્મ (૧૯૮૩)
- લાઈટનિંગ સ્વીચનાં શોધક સેમ્યુલ ફેસનો અમેરિકામાં જન્મ (૧૯૨૩)
- ગાંધીનગરનો સ્થાપના દિન (૧૯૬૫)
  ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વિવિધ ઐતિહાસિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવાસન સ્થળો અક્ષરધામ, સરિતા ઉદ્યાન, ચિલ્ડ્રન્સ પાર્ક, ઈંદ્રોડા પ્રકૃતિ શિક્ષણ અભયારણ્ય, મહાત્મા મંદિર, દાંડી કુટીર, ત્રિમંદિર (અડાલજ), અડાલજની વાવ અને ગાંધીનગરની નજીકમાં વિજાપુર રોડ પર મહુડી ઘંટાકરણ મહાવીરનું પ્રખ્યાત જૈન મંદિર પણ જોવા લાયક છે.

Printed, published and owned by Malavkumar Arunbhai Patel. Printed at Divya Bhaskar, A+B Plot, At. Landapura, Vadodara (Gujarat) and published at Sardar Gurjari (Unit of Sardar Prakashan Pvt. Ltd.), Choksi Estate, Swaminarayan Society Road, Near Sardar Gunj, Anand, Gujarat-388001. Editor - Malavkumar Arunbhai Patel.

નક્કર કાર્યવાહીના બદલે સ્વાગત કાર્યક્રમમાં તંત્ર દ્વારા કાગળ ઉપર દોડાવાતા ઘોડા

લાંભવેલના અરજદારે ૬ માસમાં રજૂ કરેલા ૩ પ્રશ્નનો હલ લાવ્યા વિના તંત્રે સુખદ નિરાકરણ થયાનું જાહેર કરતા અરજદારમાં રોષની લાગણી

આણંદ, તા.૧

આણંદ તાલુકાના લાંભવેલના અરજદારે છેલ્લા છ માસમાં સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરેલ ૩ પ્રશ્નોનો કાયમી નિકાલ લાવ્યા વિના જ તંત્રએ પ્રશ્નનું સુખદ નિરાકરણ કરાયું હોવાનું જાહેર કરાતા અરજદારે રોષની લાગણી વ્યકત કરી હતી. આ અંગે અરજદારે કલેકટર સમક્ષ પણ રજૂઆત કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ ન હોવાનો અરજદારે આક્ષેપ કર્યો છે.

લાંભવેલના લક્ષ્મણભાઈ આશાભાઈ ચૌહાણે રૂબરૂમાં આપેલ કેફિયત મુજબ તેઓએ ૬ માસમાં આણંદ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ત્રણ પ્રશ્ન રજૂ કર્યા છે. જેમાં હરખાનપુરાની શાળા પાછળ ચાલતો દારૂનો અડ્ડો બંધ કરાવવા, ગામની સસ્તા અનાજની દુકાનમાં આવતા અનાજનો જથ્થો બારોબાર વગે કરી કાળા બજારમાં જથ્થાને વેચી દેવાનો તથા રસ્તાનો પ્રશ્ન રજૂ કર્યો હતો. પરંતુ આ ત્રણેયમાંથી એક પણ પ્રશ્નનું કાયમી નિરાકરણ કરાયું નથી. છતાં પ્રશ્નનું સુખદ નિરાકરણ થયાનું સ્વાગત કાર્યક્રમમાં જે તે વિભાગના અધિકારીએ બતાવ્યું છે. પરંતુ વાસ્તવમાં ત્રણેય પ્રશ્નોના કાયમી નિરાકરણ ન થયાની અરજદારની રજૂઆત સાંભળવા તંત્ર તૈયાર નથી.

તાજેતરમાં આણંદ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજદાર લક્ષ્મણભાઈ ચૌહાણ પુરવઠા વિભાગને લગતો પ્રશ્ન રજૂ કર્યો હતો. તેમાં ગામની સસ્તા અનાજની દુકાનદાર દ્વારા અનાજના કાળા બજાર થતા હોવાની તેમજ ખોટી રીતે અનાજ અપાતું હોવાની રજૂઆત કરી હતી. આ રજૂઆત અંગે તંત્ર કોઈ જ કાર્યવાહી કરી ન હોવા છતાં સ્વાગત કાર્યક્રમમાં મામલતદાર સમક્ષ અરજદારના પ્રશ્નનું નિરાકરણ થયાનું બતાવવામાં આવ્યું છે.

સાથોસાથ સરકારના વિભાગ દ્વારા મીડીયામાં આવેલ પ્રેસનોટમાં પણ અરજદારના પ્રશ્નનું સુખદ નિરાકરણ થયાનું જાહેર કરવામાં આવ્યું હોવા સામે અરજદારે વાંધો ઉઠાવ્યો છે અને તેઓની એકપણ રજૂઆતનું નિરાકરણ નહી થયાનું જણાવ્યું છે.

સ્વાગત કાર્યક્રમની કામગીરી સંભાળતા કર્મચારી રજા પર છે : આણંદ ગ્રામ્ય મામલતદારની કચેરી

આણંદ ગ્રામ્ય મામલતદાર કચેરીમાં આ અંગે પૂછપરછ કરતાં મહિલા કર્મચારીએ સ્વાગત કાર્યક્રમની કામગીરી સંભાળતા કર્મચારી રજા ઉપર હોઈ તેઓ આવ્યા પછી જ આ અંગેની માહિતી મળશે તેમ જણાવ્યું હતું.

નડિયાદની પ્રજાને સીટી બસ સેવાનું પાલિકાએ બતાવેલ વધુ એક સ્વપ્ન કેટલું સફળ થશે ?

પાલિકાએ અગાઉ આપેલ સિટી બસનો વર્ક ઓર્ડર રદ કરી નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી

નડિયાદ, તા. ૧

નડિયાદ શહેરમાં છેલ્લા લાંબા વર્ષોથી બંધ થયેલી સીટી બસ દોડાવવાનું ફરી એક વખત પાલિકાએ પ્રજાને સ્વપ્ન દેખાડ્યું છે. ગત જાન્યુઆરી માસમાં હવે થોડા દિવસમાં સીટી બસ ચાલુ થશે તેવી મોટી મોટી જાહેરાતો બાદ સાત મહિનાનો લાંબો સમય વિત્યા પછી પણ આ બસ શરૂ થઈ નથી ત્યારે પાલિકાએ વધુ એક વખત સીટી બસ માટે ટેન્ડર નોટીસ જાહેર કરી છે. આ વખતે પણ પાલિકા સફળ બને છે કે નથી તે તો આવનાર સમય બતાવશે પરંતુ છાશવારે પાલિકા દ્વારા પ્રજાને હથેળીમાં ચાંદ બતાવવામાં આવે છે તેમાં ધારાસભ્ય પણ સુર પુરાવી દે છે ત્યારે પ્રજામાં પાલિકાની સાથે રાજકીય નેતાઓ પર ગુસ્સો હોય તે સ્વાભાવિક છે.

નડિયાદ નગરપાલિકા મહાનગરપાલિકાનું સ્વપ્ન સેવી રહી છે. થોડા માસ પહેલાં મોટા ઉપાડે 'મનપા'ની જાહેરાત પણ કરી દીધી હતી. એક તરફ મનપાની જાહેરાતને લઈ રાજકીય નેતાઓ જાતે પોતાનો ખભો થાબડે છે ત્યારે બીજી બાજુ શહેરમાં સુવિધાના નામે શૂન્ય હોવાનું પ્રજા કહે છે. સીટી બસ સેવાની નડિયાદના લોકો માટે માત્ર સપનું બની ગયું છે. શહેરમાં છેલ્લા ઘણાં વર્ષોથી પરિવહન માટે સીટી બસ સેવા ઉપલબ્ધ નથી. જેના કારણે નગરજનોને અને આસપાસના નજીકના ગામડાઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ન છુટકે ખાનગી શટલમાં આવવું જવું પડે છે. જો કે અગાઉ કોરોના કાળ પહેલાં અને એ પછી અવારનવાર પાલિકાએ શહેરમાં સિટી બસ દોડાવવા પ્રયાસો કર્યા છે. જેમાં ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી હતી. પરંતુ કોઈને કોઈ કારણોસર આ ટેન્ડર પ્રક્રિયા અડધેથી રદ થઈ જાય છે. ચાલુ વર્ષે જાન્યુઆરીમાં પાલિકાએ આ મામલે વર્ક ઓર્ડર પણ ખાનગી એજન્સીને સોંપી દીધો હતો. ખાનગી એજન્સીએ તે સમયે સૌપ્રથમ ૪ બસથી સુવિધા શરૂ કરશે અને મિનીમમ ભાડુ ૭ રૂપિયા તેમજ મેક્સીમમ ભાડુ ૧૫ રૂપિયા નક્કી કર્યું હતું. વર્ક ઓર્ડરમાં આ બસ ૫ વર્ષ સુધી નિભાવવા ઉલ્લેખ હતો. પરંતુ ત્યારબાદ આ સુવિધા ચાલુ થઈ ન હતી. વચ્ચે લોકસભાની ચૂંટણી અને એ બાદ પણ આજદિન સુધી આ સુવિધા નડિયાદના નગરજનોને મળી નથી. જો કે પાલિકા વિભાગે અગાઉ આપેલ વર્ક ઓર્ડર એકાએક રદ કરી પાંચમા પ્રયત્ને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં જણાવાયું છે કે નડિયાદ નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના અંતર્ગત નડિયાદ શહેરમાં ૫ વર્ષ સીટી બસ ચલાવવાની અને નિભાવવાની કામગીરી માટે અનુભવી અને સરકાર તેમજ અન્ય શ્રેણીમાં આવતા ઈજારેદાર પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેથી નડિયાદ નગરમાં સીટી બસનું સ્વપ્ન ફરી એક વખત રોળાઈ ગયું છે.

નડિયાદ શહેરમાં રેલવે સ્ટેશન સામે સીટી બસ સ્ટેન્ડ બનાવવા પાલિકા ઉતાવળ કરી રહી છે. ત્યાં આવેલ જૂની જેલ અને ખખડધજ ટાઉન હોલ તોડી જગ્યા ખુલ્લી કરી દીધી છે. તાજેતરમાં ત્યાં મોટા મોટા ઉગેલા વૃક્ષોનું નિકંદન કરી દીધુંછે. તો બીજી તરફ સીટી બસ દોડાવવા પાલિકા ખુદ સક્ષમ હોય તેવો ચિતાર થયો છે. ત્યારે સીટી બસની સેવા નગરજનોને ક્યારે મળશે તે જોવું રહ્યું. આ બાબતે ચીફ ઓફિસર રૂદ્રેશ હુદડે જણાવ્યું કે અગાઉ આપણે જેને વર્ક ઓર્ડર આપેલો હતો તે એજન્સીએ કામ ચાલુ ન કરતાં આ વર્ક ઓર્ડરને રદ કરી દીધો છે અને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. અગાઉ પર ત્રણ વખત આ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે પણ કોઈ એજન્સી રસ દાખવતી ન હતી. હાલ નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સીટી બસ નથી પરંતુ પાલિકામાં સીટી બસના ચેરમેન હોદ્દો સંભાળે છે !

નડિયાદ નગરપાલિકા દ્વારા ગત વખતે વિવિધ સમિતીઓની રચના કરી હતી. જેમાં સીટી બસના ચેરમેનની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારે મીડિયાએ મુદ્દો ઉઠાવ્યો હતો કે નડિયાદમાં છેલ્લા ઘણાં વર્ષોથી સીટી બસ સુવિધા જ નથી છતાં ચેરમેન શા માટે ? તે વખતે નડિયાદ વિધાનસભાના ધારાસભ્ય પંકજ દેસાઈએ બે ત્રણ દિવસમાં સીટી બસ શરૂ કરવાનું સ્વપ્ન પ્રજા સમક્ષ મુક્યું હતું અને કોઈ એજન્સી સાથે કરાર કર્યો હોવાની વાત મીડિયામાં વહેતી કરી હતી એટલું જ નહીં આ બસ ક્યાં ક્યાં જશે, કેટલા કિલોમીટર જશે, તેનું ભાડું શું હશે તે તમામ વિગતો મિડિયામાં જાહેર કરી હતી. ત્યારે પ્રજાને લાગતું હતું કે હવે સીટી બસ સેવા નડિયાદમાં શરૂ થશે પરંતુ આજદિન સુધીમાં નડિયાદમાં સીટી બસ સેવા શરૂ થઈ નથી. માત્ર પ્રજાને સીટી બસનું સપનું દેખાડવામાં નડિયાદના ધારાસભ્ય સફળ બન્યા છે.

સેન્ટ સ્ટીફન પ્રાઈમરી સ્કૂલ આણંદ દ્વારા વૃક્ષારોપણ

આણંદ, તા.૧

આઈ.પી. મિશન ટ્રસ્ટ સંચાલિત સેન્ટ સ્ટીફન પ્રાઈમકરી સ્કૂલ આણંદના બાલમંદિરથી ધોરણ ૯ ના બાળકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સારસા હાઇસ્કૂલને સોલાર પેનલ માટે દાન

આણંદ, તા.૧

એમ.વી.એસ. હાઈસ્કૂલ સારસાના વિદ્યાર્થીઓ સૌર ઉર્જાથી માહિતગાર થાય અને તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી તેમજ પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્ત્રોત સૂર્યથી સંચાલિત સોલાર પેનલ માટે દક્ષાબેન ઈન્દ્રવદનભાઈ (ભીખાભાઈ) પટેલ સરદાર ચોક, મોટા દરવાજા, સારસા તરફથી રૂપિયા સાત લાખનું દાન તરલભાઈ ઈન્દ્રવદનભાઈ (ભીખાભાઈ) પટેલના હસ્તે મળેલ છે.

આણંદ બાલશાળામાં કલર્સ ડે ની ઉજવણી

આણંદ બાલશાળા, આણંદમાં ધોરણ - ૧ અને ૨ માં પ્રવૃત્તિલક્ષી શિક્ષણ અંતર્ગત વિદ્યાર્થીઓ વિવિધ રંગોનું મહત્વ અને ઉપયોગીતા સમજે તે માટે 'કલર્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને મેઘધનુષના રંગોની સમજ માટે ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓને જુદા જુદા રંગના વસ્ત્રો પહેરાવી અને ઈન્દ્રધનુષના જુદા જુદા રંગ પ્રમાણે વિદ્યાર્થીઓને ગોઠવીને શાળાના શિક્ષકોને મેઘધનુષની આકૃતિ બનાવી સમજ આપી હતી. રંગના રમકડા, ચિત્રોની વસ્તુઓ દ્વારા વિદ્યાર્થીઓએ રંગ ઓળખી બતાવ્યા હતાં બાળકોને મેઘધનુષની કવિતા ગવડાવવામાં આવી હતી.

ગળતેશ્વર : મીઠાના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષકને હટાવવા તાળાબંધી કરાઇ

૧૦ મહિના પહેલાં જે શિક્ષક પર ગ્રામજનોએ આક્ષેપો કર્યા હતા તે શિક્ષકની બદલી કર્યા બાદ પરત શાળામાં મુકતા વિવાદ

નડિયાદ,તા.૧

ગળતેશ્વર તાલુકાના મીઠાના મુવાડામાં આવેલી પ્રાથમિક શાળાના એક શિક્ષક દ્વારા મનસ્વી વર્તન તેમજ અનિયમિતતા અને અન્ય કારણસર ગ્રામજનોની ઉઠેલી ફરિયાદોના આધારે તેની બદલી કરવામાં આવી હતી.

જો કે ૧૦ મહિના બાદ પુનઃ તેને આ શાળામાં મુકતા ગ્રામજનોએ તેનો વિરોધ કરી આજે તાળાબંધી કરી હતી. જેને લઈને શિક્ષણ આલમમાં ખળભળાટ મચ્યો છે. ગળતેશ્વર તાલુકાના મીઠાના મુવાડા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે પ્રવિણભાઈ માધાવંશી ફરજ બજાવતા હતા. ગ્રામજનોએ તેમના વિરૂદ્ધ ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી જેમાં આક્ષેપો કર્યા કે આ શિક્ષક શાળામાં જ દારૂ પીવે છે અને બાળકો સાથે ગેરવર્તન કરે છે.

ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતને ધ્યાને રાખી શિક્ષક પ્રવિણભાઈની મીઠાના મુવાડાની શાળામાંથી તા. ૨૮-૯-૨૦૨૩ના રોજ બદલી કરવામાં આવી હતી. ૧૦ મહિના બાદ ફરીથી આ જ શાળામાં શિક્ષક પ્રવિણભાઈને હાજર કરાતા ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી હોવાનું જાણવા મળે છે. વાલીઓ સાથે બાળકોએ પણ શાળાની બહાર બેસી શિક્ષક પ્રવિણભાઈને શાળામાં હાજર ન કરવા માંગ કરી હતી.

આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે શિક્ષકની વહીવટી કારણોસર બદલી થઈ હતી અને તેને પુનઃ શાળામાં મુક્યા છે. જો કે આજે વાલીઓએ તાળાબંધી કરી હોવાની માહિતી મળી છે. તપાસ કર્યા બાદ યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

આણંદ-કાસોર (ભાલેજ) એસ.ટી. બસનો નવિન રૂટ ચાલુ કરાયો

આણંદ, તા.૧

આણંદ એસટી ડેપો દ્વારા કાસોર (ભાલેજ) ગામના દરરોજ બે કિલોમીટર ચાલતા રાહતલાવ જઈને એસ.ટી. બસની સુવિધા મેળવતા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને દરરોજ સવારે સવા નવ વાગે એક નવીન એસટી બસ રુટ શરૂ કરવામાં આવ્યો છે. જેને લઈને વિદ્યાર્થી અને વાલીઓમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

કાસોર (ભાલેજ) ગામના આણંદની શાળાઓમાં અભ્યાસ કરતા ૨૦ થી ૨૫ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સવારે સ્કૂલમાં જવા માટે કાસોરથી ચાલતા બે કિલોમીટર દૂર રાહતલાવ ગામે આવીને એસ.ટી. બસ સુવિધા મેળવી શકતા હતા.

ઘણી વખત કોઈ બસના મનસ્વી ડ્રાયવર - કન્ડકટર બસ ખાલી હોવા છતાં પણ બસ ઉભી રાખતા ન હતા જેના કારણે બાળકો ચાલતા પરત ઘરે આવે એમાંય વળી શાળામાં રજા પડવાથી અભ્યાસ બગડે. આ બાબતે આણંદ જિલ્લા પંચાયત ખંભોળજ બેઠકના સભ્ય અને શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઇ સોલંકી, કાસોર ગામના સરપંચ કોકીલાબે અરવિંદભાઈ પરમાર તેમજ જાગૃત વાલીઓ દ્વારા રજુઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતના પગલે આણંદ એસટી ડેપો મેનેજર કે.એમ. શ્રીમાળીએ ડ્રાઈવર-કંડકટરની અછત હોવા છતાં સવારે ૯:૧૫ કલાકે આણંદ - કાસોર એસ.ટી. બસના લોકલ રુટ ફાળવણી કરીને બુધવારથી અમલીકરણ કરાવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

સમાજના નવનિર્માણ માટે...
આપની આસપાસ બનતી ઘટના તથા આપને પડતી મુશ્કેલીની જાણ કરો
સરદાર ગુર્જરી
ચોકસી એસ્ટેટ,
સરદાર ગંજ, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૬૮૨૯૦,
૨૬૧૨૬૦ ફેક્સ: ૨૬૮૩૯૦ www.sardargurjari.com

વિશ્વ સ્તનપાન સપ્તાહ -બીજો દિવસ

'સગર્ભાવસ્થા દરમ્યાન સ્તનપાન વિશે માર્ગદર્શન : શિશુના સફળ ભવિષ્યનું પ્રથમ પગથિયું'

સગર્ભાવસ્થા એ એક રૂપાંતર છે, એક સુંદર પરિવર્તન છે. જ્યાં એક નવા જીવનની શરૂઆત થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન માતા સ્તનપાન માટેની તૈયારી કરી શકે છે. સ્તનપાન વિષે સાચી સમજ સફળ સ્તનપાનનું પ્રથમ પગથિયું છે. માતૃત્વ એ ભાવનાઓની એક ભરતી છે. આ તબક્કે જરૂર છે એક સારા માર્ગદર્શનની.

ગર્ભસ્થ માતાને સ્તનપાનના ફાયદા અને સ્તનપાન વિષે સાચી સમજ

Closing the Gap
Breastfeeding Support for All
WABA | WORLD BREASTFEEDING WEEK 2024

સગર્ભાવસ્થા દરમિયાનનું માર્ગદર્શન અપેક્ષિત માતાને જરૂરી જ્ઞાન અને કુશળતા આપે છે. તે સ્તનપાન વિશેની સામાન્ય ચિંતાઓ અને ખોટી માન્યતાઓને દૂર કરે છે. જેનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તણાવ ઘટે છે. શિશુના જન્મ પછી તરત જ શિશુને સીધો સ્પર્શ મળે તે માટે શિશુને શરૂઆતના એક કલાક માટે માતાની છાતી પર રાખવું અને એક કલાકની અંદર સ્તનપાન શરુ કરાવવું. સ્તનપાનથી શિશુ અને માતાને થતા ફાયદા જેમકે બાળક માટે રોગ પ્રતિકારક શક્તિનો વધારો, માતા માટે સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરના દરમાં ઘટાડો જેવા ફાયદાઓ પર ભાર મૂકીને આપેલું માર્ગદર્શન માતાઓને સ્તનપાન માટે પ્રતિબદ્ધ રહેવા માટે પ્રોત્સાહિત કરે છે. પ્રથમ ત્રણ દિવસમાં સ્તનમાંથી આવતું પીળું દૂધ શિશુ માટે ખુબ જ ફાયદાકારક છે તેથી તેનું મહત્વ સમજવું અને તેને ફેંકી દેવું નહિ. શિશુને સ્તનપાન માટે લેવાની અને વળગાળવાની પદ્ધતિ વિષે સમજણ અમે આગળ આપીશું. માતાએ સ્તનપાન વિશેના પોતાના પ્રશ્નો વિશેષજ્ઞને પૂછવામાં સંકોચ અનુભવવો નહિ.

ગર્ભસ્થ માતાને સહાયક વાતાવરણ પૂરું પાડો

સહાયક વાતાવરણ સફળ સ્તનપાન માટે ખુબ જ જરૂરી છે. તબીબ, લેકટેશન કન્સલટન્ટ, નર્સ, પતિ, બધા જ પરિવારજનો અને મિત્રોનો સાથ આવું વાતાવરણ ઉભું કરી શકે છે. જે માતાનો તણાવ હળવો કરે છે અને પડકારો સામે ઉભા રહેવા માટે પ્રોત્સાહન આપે છે. બીજી ધાત્રી માતા પણ સ્તનપાન વિષે પોતાના અનુભવો અને વ્યવહારિક જ્ઞાનથી સગર્ભાને માર્ગદર્શન આપી શકે છે.

ગર્ભસ્થ માતા અને પરિવારજનોની સ્તનપાન વિશેની ખોટી માન્યતાઓનું નિરાકરણ કરો

ગર્ભાવસ્થા દરમિયાન સ્તનપાનનું માર્ગદર્શન અવરોધક બનતી સંભવિત મુશ્કેલીઓ જેમકે સમાજની માન્યતાઓ, કાર્યસ્થળની સમસ્યાઓ, જાહેરસ્થળ પર સ્તનપાનમાં અનુભવાતો સંકોચ વગેરેનું નિરાકરણ લાવી શકાય. શિશુને શરૂઆતના દિવસોમાં માતાના દૂધસિવાય અન્ય પ્રવાહી આપવાની પ્રથા જેમકે ગળથુથી, સાદું પાણી કે ખાંડ-પતાસાનું પાણી, જન્મઘુટ્ટી, મધ વગેરેથી શિશુને ચેપ લાગવાનું જોખમ વધે છે. આથી આ પ્રથાનો જળમૂળથી નાશ થવો જોઈએ. બોટલથી દૂધ આપવામાં આવે તો પણ ચેપનું જોખમ વધે છે. શિશુને ઉપરથી બીજા પ્રાણીનું દૂધ અથવા ફોર્મ્યુલા પાવડરનું દૂધ પણ વારંવાર આપવામાં આવે છે જે જોખમી સાબિત થઈ શકે છે. તેનો ઉપયોગ અમુક સંજોગોમાં જ કરવામાં આવે છે. આવા સંજોગોમાં બાળરોગ નિષ્ણાત ડોકટરની સલાહ અચૂક લેવી. સ્તનપાન વિશે વધુ માહિતી આવતીકાલે આપીશું.

**■ ડો. કે. સમીર, ડો. રોહન મોદી,
ડો. સોમશેખર નિમ્બાલકર
નવજાત શીશુ વિભાગ, શ્રી કૃષ્ણ
હોસ્પિટલ, ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદ**

નડિયાદ ડો. એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજ ખાતે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી



નડિયાદ, તા. ૧

ખેડા જિલ્લા આરોગ્યતંત્ર અને ડૉ. એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ સ્તનપાન સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડૉ. પ્રાર્થના ખરોડ પટેલે પ્રેઝન્ટેશન દ્વારા સ્તનપાનના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી તેમણે જણાવ્યું હતું કે, બાળકને માતાનું પૂરતું દૂધ મળે તો જીવનભર ઘણી બિમારી થતી નથી. નવજાત શિશુને જન્મ પછી છ મહિના સુધી માત્ર માતાનું દૂધ જ પીવડાવવું જોઈએ.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, આ દૂધમાં એન્ટીબોડીઝ હોય છે, જે વાઇરસ અને બેકટેરિયા સામે લડવામાં મદદ કરે છે. જેનાથી બાળકની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. વળી, સ્તનપાન સ્ત્રીઓમાં સ્તન કેન્સર, અંડાશયના કેન્સર, પ્રકાર ૨- ડાયાબિટીસ અને હૃદય સંબંધીત રોગોનું જોખમ ઘટાડે છે.

આ કાર્યક્રમમાં નડિયાદ, મહુધા અને વસો તાલુકાની આશા, આશા ફેસીલેટર અને સી.બી.વી. બહેનોએ હાજર રહીને ઉપયોગી માહિતી મેળવી હતી.

પ્રદૂષણ
અટકાવો
પર્યાવરણ
બચાવો

બોરસદ કોલેજમાં પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કેરીયર માર્ગદર્શન વ્યાખ્યાન

આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ બોરસદના પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કેરિયર ગાઈડન્સ અંગેનું વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું.

બી.એન્ડ બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, વિદ્યાનગર થી ડો. શ્યામકુમાર ખંભોળજા એ બીએ, બી કોમ અને બી એસ.સી. સેમેસ્ટર પાંચના વિદ્યાર્થીઓ ને કેરીયર કાઉન્સિલ અંતર્ગત પ્રોફાઈલને કેવી રીતે આકર્ષક બનાવી શકાય તેમજ સોશિયલ નેટવર્કિંગનો ઉપયોગ કરી કેવી રીતે કારકિર્દી બનાવી શકાય તે સમજાવી વિદ્યાર્થીઓ ના પ્રશ્નોને વાચા આપી હતી. સંસ્થાના આચાર્ય ડો. મનોજ પરમારે પ્રાસંગિક પ્રવચન કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મહેમાનનું હાર્દિક સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્લેસમેન્ટ સેલના કન્વિનર ડો. શૈલેષ શાહે કર્યું હતું.